| GJNV090000102023 | સત્યમેવ જયતે | દાખલ તારીખ | ૧૦/૦૧/૨૦૨૩ | | |
|---|---|---|---|---|---|
| | | નોંધ્યા તારીખ | ૧૦/૦૧/૨૦૨૩ | | |
| | | ફેંસલ તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૩ | ૦૭ | ૦૦ |

**<u>મે. ત્રીજા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં</u>**
**<u>નવસારી, મુ.આહવા.</u>**

**ક્રિમિનલ અપીલ નં. ૦૨/૨૦૨૩**

**આંક :**

<u>એપેલેન્ટ</u> :- (૧) **દેવરામભાઈ જાનુભાઈ પવાર,**
ઉં.આ.વ.૬૫, ધંધો-સામાજિક કાર્યકર્તા,
(૨) **હરેશભાઈ દેવરામભાઈ પવાર,**
ઉં.આ.વ.૩૫, ધંધો-ખેતી,
બંને રહે. ઉગા, તા.સુબીર, જિ.ડાંગ.

વિરૂધ્ધ

<u>રિસ્પોન્ડન્ટ</u> :- **નામદાર સરકાર**

---

બાબત :- **અપીલ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૩૭૪ મુજબ, આહવાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબનાઓએ ફોજદારી કેસ નં.૦૧/૨૦૨૧ના કામે તા.૨૯/૦૯/૨૦૨૨ના રોજ કરેલ હુકમ વિરુદ્ધ..**

---

---

એપેલેન્ટ તર્ફે વિધ્વાન વકીલશ્રી એ.એચ.બાગવાન
સરકાર તર્ફે વિધ્વાન એડી.પી.પી. શ્રી સી.એમ. ઠાકરે

---

## –:: ચુકાદો ::–

(૧) આ કામના એપેલેન્ટનાએ હાલની અપીલ લાવી ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ (સને ૧૯૭૪ ના દ્વિતીય) કલમ–૩૭૪ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબના ગુનાના કામે આરોપી/એપેલેન્ટને ફોજદારી કેસ નં. ૦૧/૨૦૨૧ ના કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૨) અન્વયે વિધ્વાન આહવાના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીનાઓએ આરોપી નં.૧ દેવરામભાઈ જાનુભાઈ પવાર નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૮૬ ના ગુના સબબ ૧ (એક) માસની સાદી કેદની તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨ ના ગુના સબબ ૨(બે) વર્ષની સાદી કેદની તથા રૂ.૧૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પુરાના દંડની સજાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૩૦ દિવસની સજાનો હુકમ કરવામાં આવે છે. તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ ના ગુના સબબ ૧(એક) વર્ષની સાદી કેદની તથા રૂ.૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરાના દંડની સજાનો હુકમ કરવામાં આવે છે, અને જો દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજાનો હુકમ કરવામાં આવે છે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) ના ગુના સબબ ૧(એક) વર્ષની સાદી કેદની તથા રૂ.૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરાના દંડની સજાનો હુકમ કરવામાં આવે છે, અને જો દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આરોપી નં.૨ હરેશભાઈ દેવરામભાઈ પવાર નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૮૬ ના ગુના સબબ ૧ (એક) માસની સાદી કેદની તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨ ના ગુના સબબ ૨(બે) વર્ષની સાદી કેદની તથા રૂ.૧૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પુરાના દંડની સજાનો

હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૩૦ દિવસની સજાનો હુકમ કરવામાં આવે છે. તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ ના ગુના સબબ ૧(એક) વર્ષની સાદી કેદની તથા રૂ.૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરાના દંડની સજાનો હુકમ કરવામાં આવે છે, અને જો દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજાનો હુકમ કરવામાં આવેલ છે. સદર હુકમ આંક– ૨૨ થી તા. ૨૯–૦૯–૨૦૨૨ ના રોજ જાહરે કરેલ છે. તેનાથી નારાજ થઈ તે હુકમની યથાર્થતા, કાનૂનીપણું, ખરાઈ તથા કાયદેસરતા પડકારતી હાલની અપીલ ગુજારેલી છે.

**<u>આરોપી/એપેલેન્ટ સામેનો ટ્રાયલ કોર્ટ સમક્ષનો કેસ :–</u>**

(૨) મૂળ ફરિયાદીના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ એકબીજાના મેળાપીપણાથી ફરિયાથી સાથે પોલીસ સ્ટેશનમાં સરકારી કામમાં રૂકાવટ કરી આરોપી નં.૧ નાઓએ પોલીસ યુનિફોર્મનો કોલર પકડી બીજા હાથથી મારી તેમજ આરોપી નં.૨ નાઓએ મજકૂર જમાદારની હાથમાંથી લાકડી ઝૂટવી લાકડી વડે પગમાં ફટકારી ઈજા પહોંચાડી પોલીસ નોટિસ બોર્ડ ઉપર ધક્કો મારી, ગાળા–ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતા આરોપી/એપેલેન્ટ વિરૂધ્ધ આહવા પો.સ્ટે. ગુ.ર.નં. ૨૨/૨૦૧૯ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબ ગુના અન્વયે ફરિયાદ દાખલ થયેલ, જે ફરિયાદના અનુસંધાને ત.ક.અ.શ્રીએ તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આરોપીઓનું અટક પંચનામું કરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ત.ક.અ.શ્રીએ આહવા મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ.

(૩) ત્યારબાદ, વિધ્વાન ટ્રાયલ કોર્ટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપી/એપેલેન્ટને પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડી આરોપી/એપેલેન્ટ વિરૂધ્ધ આંક– ૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક– ૦૫ તથા આંક– ૦૬ થી આરોપી/એપેલેન્ટની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જે અન્વયે આરોપી/એપેલેન્ટે પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા આરોપી/એપેલેન્ટ સામે ઈન્સાફી કાર્યવાહી વિધ્વાન ટ્રાયલ કોર્ટ રૂબરૂ હાથ ધરવામાં આવેલી.

(૩.૧) ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપી/એપેલેન્ટનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન વિધ્વાન ટ્રાયલ કોર્ટ રૂબરૂ નોંધવામાં આવેલ. ત્યારબાદ, સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષના ધારાશાસ્ત્રીશ્રીની દલીલો સાંભળી, અને ઈન્સાફી કાર્યવાહીના અંતે આ કામના આરોપીઓને ઉપર જણાવ્યા મુજબ સજા કરતો હુકમ ફરમાવેલ છે. સદર હુકમ આંક– ૨૨ થી તા. ૨૯–૦૯–૨૦૨૨ ના રોજ જાહરે કરેલ છે. જે હુકમથી નારાજ થઈ મૂળ આરોપી/એપેલેન્ટે હાલની અપીલ દાખલ કરેલ છે.

(૪) એપેલેન્ટ તર્ફે વિધ્વાન વકીલશ્રી એ.એચ.બાગવાનની તથા સરકાર તર્ફે વિધ્વાન એડી.પી.પી. શ્રી સી.એમ. ઠાકરેની દલીલો સાંભળેલ છે, અને આ કામે વિધ્વાન ટ્રાયલ કોર્ટના કેસનું રેકર્ડ મંગાવી તપાસવામાં આવેલ છે.

(૫) આ કામે બન્ને પક્ષની દલીલો, વિધ્વાન ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા

ચુકાદો ધ્યાને લેતા નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉત્પન્ન થયેલ છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું આરોપી/એપેલેન્ટ પુરવાર કરે છે કે, આહવા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી નાઓએ તેમની સમક્ષ ફોજદારી કેસ નં.૦૧/૨૦૨૧ ના કામે આંક- ૨૨ થી તા. ૨૯-૦૯-૨૦૨૨ ના રોજ કરેલ હુકમ , ભૂલ ભરેલો, અને કાયદાની પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધ્ધનો હોય, તે હુકમમાં હસ્તક્ષેપ કરવા પાત્ર છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણય અને નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ તથા ૨ :-**

**(૭)** અરજીની હકીકતો, અને કારણોનાં પરિપ્રેક્ષમાં જોતા મુદ્દા નં. ૧ અને ૨ પરસ્પર એક-બીજા સાથે સંકળાયેલા હોય, બન્ને મુદ્દાઓની ચર્ચા અત્રે એક સાથે કરેલ છે.

**આરોપી/એપેલેન્ટ તર્ફે ના વિધ્વાન વકીલશ્રીની દલીલો :-**

**(૮)** આ કામે આરોપી/એપેલેન્ટ તર્ફે વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રી

એ.એચ.બાગવાન નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી/એપેલેન્ટ સામે નામ. આહવાની મેજિસ્ટ્રેટ કોર્ટમાં ક્રિમિનલ કેસ નં. ૦૧/૨૦૨૧ હુકમ થી ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાના કામે આરોપીને તા. ૨૯-૦૯-૨૦૨૨ ના રોજ તકસીરવાન ઠરાવવામાં આવેલા, જે હુકમ થી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરવામાં આવેલી છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ચુકાદો આપતા પહેલા પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં ખૂબ જ મોટી ભૂલ કરેલ છે તેમજ ચુકાદો આપતી વખતે કુદરતી ન્યાના સિદ્ધાંતો તથા ભારતીય પુરાવા અધિનિયમના કાયદાનું મૂલ્યાંકન કરવામાં ભૂલ કરેલ છે. આથી આરોપી/એપેલેન્ટને શંકાનો લાભ આપી, તથા નીચેની કોર્ટનો હુકમ સેટેસાઈડ કરી આરોપી/એપેલેન્ટને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**<u>સરકાર તર્ફે ના વિધ્વાન વકીલશ્રીની દલીલો :-</u>**

(૯) સરકાર તર્ફે વિધ્વાન એડી.પી.પી.શ્રી સી.એમ. ઠાકરેનાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે તકરારી હુકમ નામદાર કોર્ટે કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતનો અનુસરીને પુરાવાનું યોગ્ય તે મૂલ્યાંકન કરીને ન્યાયીક હુકમ કરેલો છે. નીચેની અદાલતે પુરાવાનું યોગ્ય મૂલ્યાંકન કરી આરોપી/એપેલેન્ટને યોગ્ય રીતે તકસીરવાન ઠરાવેલ હોય, ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદેસરનો હોય, હુકમ બહાલ રાખવા અરજ ગુજારેલ છે .

(૧૦) બન્ને પક્ષકાર તર્ફેના વિ.વ.શ્રીઓની દલીલો, અપીલ મેમો, ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા ટ્રાયલ કોર્ટ રૂબરૂ રજૂ થયેલ તમામ મૌખિક તથા

દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. ક્રિમીનલ જયુરિસ્પુડન્સનો એ સનાતન નિયમ છે કે, ''ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહીત પોતાના પગ ઉપર પુરવાર કરવાનો હોય છે. આરોપીપક્ષે એવું પુરવાર કરવાનું હોતું નથી કે, તે ગુનેગાર નથી, અથવા તો તેણે ગુનો કરેલો નથી. ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલી છે. એટલે કે, ફરિયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો શંકા રહીત પુરવાર કરે, ત્યારપછી બોજો આરોપી ઉપર સિફ્ટ થાય છે. આ તબકકે ભારતીય પુરાવા અધિનિયમ ૧ ૮૭૨ ની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો :–

***''૧૦૧. સાબિતીનો બોજો :–***

*કોપ પણ (વ્યકિત) ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોનાં અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અં ગે ચૂકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે.*

*જયારે કોઈ હકીકત અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલી હોય, ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત પર સાબિતીનો બોજો છે.*

*દ્રષ્ટાંત*

*(ક) ખ એ જે ગુન્હો કર્યો હોવાનું ક જણાવે છે તે માટે એક અદાલત ચુકાદો આપે કે ખ ને સજા કરવામાં આવે તેવું ક ઈચ્છે છે.*

*ક એ સાબિત કરવું જોઈએ કે ખ એ ગુન્હો કર્યો છે.*

*(ખ) હકીકતો કે જે તે પ્રતિપાદિત કરે છે તેનાં કારણે, ખ નાં કબજામાં અમુક જમીન*

*છે તે માટે પોતે હકદાર છે તેવો ચુકાદો અદાલત આપે તેવું ક ઈચ્છે છે તથા તે સાચી હોવાનો ખ ઈન્કાર કરે છે. તે હકીકતોનું અસ્તિત્વ ક એ સાબિત કરવું જોઈએ.''*

આમ, ઉપરોકત જોગવાઈ અનુસાર ક્રિમિનલ કેસમાં સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે પોતાનો કેસ માનવા લાયક પુરાવાઓને આધારે પુરવાર કરવો જોઈએ, જો ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરે ત્યારપછી સાબિતીનો બોજો આરોપી ઉપર આવે છે.

ઉપરોકત કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને રાખી ટ્રાયલ કોર્ટ રૂબરૂના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું પુરાવાકીય મૂલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ આ કામના આરોપીઓ એકબીજાના મેળાપીપણાથી ફરિયાથી સાથે પોલીસ સ્ટેશનમાં સરકારી કામમાં રૂકાવટ કરી આરોપી નં.૧ નાઓએ પોલીસ યુનિફોર્મનો કોલર પકડી બીજા હાથથી મારી તેમજ આરોપી નં.૨ નાઓએ મજકૂર જમાદારની હાથમાંથી લાકડી ઝૂટવી લાકડી વડે પગમાં ફટકારી ઈજા પહોંચાડી પોલીસ નોટિસ બોર્ડ ઉપર ધક્કો મારી, ગાળા-ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા અંગેનો આક્ષેપ આરોપીઓ ઉપર છે.

(૧૧) હવે સદર કામે ટ્રાયલ કોર્ટ રૂબરૂના પુરાવાનું પુરાવાકીય મૂલ્યાંકન કરતા પહેલા આ કામે ફરિયાદપક્ષ તરફે જે શાહેદોના પુરાવા આ કામે ઉપલબ્ધ છે તેને નોંધવા જરૂરી છે. આંક-૦૮ થી ફરિયાદપક્ષ તરફે શાહેદ હિરાલાલ જીવરામ સાબળેની જુબાની નોંધવામાં આવેલ છે. સદરહુ શાહેદ ગુનાવાળી જગ્યાના પંચનામાના શાહેદ છે. આ શાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. સદરહુ શાહેદે

પોતાની સરતપાસમાં અસલ પંચનામાને ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામામા સહી કર્યા સિવાય તે કંઇ જાણતા નથી તેવું સોગંદ પર જણાવેલ છે. ત્યારબાદ આંક–૧૦ થી પંચ શાહેદ જીતેશ તુલસીરામ રાઉતને સોગંદ ઉપર તપાસ્યા છે. સદરહુ શાહેદ ગુનાવાળી જગ્યાના પંચનામાના શાહેદ છે. આ શાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. સદરહુ શાહેદે પોતાની સરતપાસમાં અસલ પંચનામાને ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામામા સહી કર્યા સિવાય તે કંઇ જાણતા નથી તેવું સોગંદ પર જણાવેલ છે. આ બંને શાહેદોએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જેના કારણે ગુનાવાળી જગ્યાના પંચનામાને આંક–૦૯ આપવામાં આવેલ છે. સદરહુ પંચનામું ફક્ત ગુનાવાળી જગ્યાનું પંચનામું છે. આ પંચનામાની હકીકત વંચાણે લઇએ તો જે નીચે મુજબ છે.

"અહીં આગળ આ કામના શાહેદ પો.કો. અશ્વિનભાઇ ધનાભાઇ બ.નં.૦૧૭૭ નોકરી–આહવા પો.સ્ટેશન નાઓ આગળ ચાલી સદર ગુનાવાળી જગ્યા બતાવતા હોય જે જગ્યા આહવા પોલીસ સ્ટેશનના અંદરના ભાગે આવેલ છે. સદર જગ્યાએ બે લાકડાના સામ–સામે બાકડા મુકેલ છે. તેની બાજુમાં ફ્રીજ પડેલ છે. સદર જગ્યાએથી આગળ જોતા સામેની દિવાલ ઉપર એક એક લંબચોરસ કાળા કલરનું નોટિસ બોર્ડ મુકેલ છે. જે નોટિસ બોર્ડ જોતા જેની લંબાઇ ૨ ફૂટ જેટલી છે તથા પહોળાઇ જોતા ૨.૫ ફૂટ જેટલી છે. નોટિસ બોર્ડની બાજુમાં જોતા સ્ત્રી લોકપ આવેલ છે તથા નોટિસ બોર્ડની બાજુમાં પોલીસ સ્ટેશનના ઉપરના માળે જવાની સીડી આવેલી છે અને તમો પોલીસે સદર ગુનાવાળી જગ્યાએથી કોઇ ચીજવસ્તુઓ કબજે કરેલ નથી.

સદર ગુનાવાળી જગ્યાની ચતુર્દિશા જોતા પૂર્વ તરફ ૭ મિટર દૂર એકાઉન્ટ હેડ રાઇટરની ઓફિસ આવેલ છે. પશ્ચિમે જોતા પો.સ.ઇ.શ્રીની ચેમ્બર છોડી ૭ મિટર દૂર પો.સ.ઇ.શ્રી રાઇટરની ઓફિસ આવેલ છે. ઉત્તરે પોલીસમાં આવવાનો રસ્તો આવેલ છે. દક્ષિણે સંડાશ બાથરૂમ આવેલ છે."

**(૧૧.૧)** ત્યારબાદ આંક–૧૨ થી આ કામના ફરિયાદી મધુભાઇ દેવાજીભાઇ પાડવીની જુબાની આપેલ છે. સદર જુબાનીમાં ફરિયાદીએ નીચેની હકીકત જણાવેલ છે.

" ગઈ તા. ૨૪.૦૬.૨૦૧૯ નાં રોજ ચીચલી ઓ. પી. પર હું મારી ફરજ પર હાજર હતો, તે દરમ્યાન અરજી નં. ૪૦/૨૦૧૯

નાં કામે સામાવાળા વિરૂધ્ધ અટકાયટી પગલા લેવાં સારૂ આહવા પો.સ્ટે.માં હાજર હતા. તે દરમ્યાન અરજી નં. ૪૦/૨૦૧૯ નાં કામે સામાવાળાઓ ગાઢવિહીર ગામની જમીન બાબતે વાદ-વિવાદ હોય, જે બાબતે બે તહોમતદારો જેમાં ૧ દેવરામભાઈ જાનુભાઈ, તથા બીજા હરિશભાઈ દેવરામભાઈ, રહે. ઉગાવાળા આવીને કહેવા લાગેલ કે, આ સમગ્ર જમીન ભીલ લોકોની છે, તમોએ અમારા વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરશો નહિ, એમ કહી અમારા સાથે અસભ્ય વર્તન કરી, બંને ઈસમો એકદમ ઉશ્કેરાઈ જઈ મને ડ્રેસ પર હોવા છતાં લાફા મારી દીધેલા, અને બોર્ડ પર ધકકો મારી દીધેલો, અને મારા પાસેની લાકડી આ દેવરામભાઈએ ખેંચી લઈ મને માર મારવા લાગેલા, અને મારી સરકારી કાર્યવાહીની ફરજમાં રૂકાવટ કરી, મને કહેલ કે, તું પોલિસ સ્ટેશનનાં ગેટથી બહાર નીકળ હું કોણ છું, તે તને બતાવી દઈશ, હું ડાંગનો રાજા છું, એવું જણાવેલું. આજે તો તું પોલિસ ટેશનમાં છો? એટલે બચી ગયેલ છે, પછીથી રસ્તામાં મળીશ તો જાણથી મારીને ફેંકી દઈશું. એ સમયે અમારા પોલિસનાં માણસો સંતોષભાઈ સજજનભાઈ, તથા અશ્વિનભાઈ ધનાભાઈ બીજા અન્ય પોલિસ સ્ટાફનાં માણસો આ બંને ઈસમોને પકડી લીધેલ, અને મને વધુ મારમાંથી બચાવેલ. આ બનાવ બાબતે મે તેઓનાં વિરૂધ્ધમાં કાયદેસર થવા ફરિયાદ આપેલી. જે અસલ ફરિયાદ મને બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. જેને રજુ દાખલ આંક-૧૩ આપવામાં આવે છે. આજરોજ આરોપીઓ કોર્ટમાં હાજર છે. જેઓને હું ઓળખી બતાવું છું."

ફરિયાદીએ બચાવપક્ષ તરફેની ઊલટતપાસમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

"બનાવનાં દિવસે પોલિસ સ્ટેશનમાં મારા સિવાય બીજા બે પોલિસ માણસો હાજર હતા. એ વાત ખરી નથી કે, બનાવનાં સમયે મારી તબીયત સારી ન હતી. સાહેદ જણાવે છે કે, સારી હતી. એ વાત ખરી નથી કે, અરજી નં. ૪૦/૨૦૧૯ માં દેવરામભાઈ જાનુભાઈ તથા હિરેશભાઈ દેવરામભાઈનાઓએ મને તપાસમાં પુરેપુરો સાથ સહકાર આપેલો. એ વાત ખરી નથી કે, આરોપીઓએ હું ફરજ પર ડ્રેસ પર હોય, તેમ છતાં મને લાકડીથી મારેલું તે હું ખોટું જણાવું છું.

સવાલ :- બનાવનાં દિવસે પો.સ્ટે.માં બીજા અન્ય પોલિસવાળા, પટ્ટાવાળા એમ કરીને કુલ ૧૫ થી ૨૦ માણસો પોલિસ સ્ટેશનમાં હાજર હતા?

જવાબ :- તે બધા બહાર હતા, અમો પી.એસ.આઈ.નાં રાઈટરની ચેમ્મબરમાં અમો ત્રણ જણાજ હતા.

એ વાત ખરી છે કે, પોલિસ સ્ટેશનમાં અમો પોલિસ વાળાઓ પાસે લાકડી તો હોય છે. એ વાત ખરી નથી કે, અમોએ

દેવરામભાઈ લોકોને લાકડી વડે માર મારેલો, અને દેવરામભાઈનાઓ લોકોએ અમોને કોઈ માર મારેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓએ અમોને ફરજમાં કોઈ રૂકાવટ કરેલ નથી, ધમકી આપેલ નથી, કે પોલિસ સ્ટેશનની બહાર નીકળ તને જાણથી મારી નાખીશ તેવી ધમકી આપેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ સામે ખોટી ફરિયાદ આપેલ છે. "

**(૧૧.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક-૧૪ થી શાહેદ સખારામભાઇ બુધાભાઇ અલબાડ તથા આંક-૧૫ થી શિવરામભાઇ ગુલાબભાઇ ગાવિત નાઓએ સોગંદ ઉપર જુબાની આપેલ છે. જે નીચે મુજબ છે.

"હું પોલીસ જમાદાર એ.એસ.આઇ. મધુભાઇ દેવાજીભાઈનાઓને ઓળખતો નથી. હું શાંતારામભાઇ નવસુભાઈનાઓને ઓળખું છું. અમો આહવા પો.સ્ટે.માં બીજા કામે ગયેલા, પોલીસવાળાએ અમારી સહી લઇને અમોને મોકલી દીધેલા. સદર બનાવ બાબતે મને કોઇ જાતમાહિતી નથી"

સદરહુ શાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ શાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઊલટતપાસ કરવામાં આવતા સદર શાહેદોએ ફરિયાદ હકીકતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બચાવપક્ષ તરફે સદર શાહેદોની ઊલટતપાસ લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

"**એ વાત ખરી છે કે, બનાવ બાબતે અમોને કાંઇ ખબર નથી, અમે બીજા કામમાં આવેલા. એ વાત ખરી છે કે, પોલીસવાળાએ નિવેદન જાતે લખી લીધેલું, અને તેમાં શું લખેલું તેની મને ખબર નથી.**"

**(૧૧.૩)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક-૧૬ થી નજરે જોનાર શાહેદ હિરામણભાઇ સખારામભાઇ સાબળેની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે. જે જુબાની નીચે મુજબ છે.

"હું પોલિસ ચીચલી ઓ.પી.ના જમાદાર એ.એસ.આઈ. મધુભાઈ દેવાજીનાઓને ઓળખું છું. હું આ કામનાં દેવરામભાઈનાઓને ઓળખતો નથી. હું આહવા પો.સ્ટે.માં એ અરજીના ફરિયાદીને લઈને આહવા પો.સ્ટે.માં ગયેલ, અને તે વખતે આ ચીંચલી ઓ.પી.નાં જમાદર મધુભાઈ દેવાજીભાઈનાઓ સાથે કોઈક ઈસમોનો લડાઈ ઝગડો થયેલ તેવી હકીકત જાણું છું.

બનાવ કઈ તારીખે બનેલો તે મને યાદ નથી. બનાવમાં જમાદાર મધુભાઈ દેવાજીભાઈ, પી.એસ.આઈ.ની ઓફિસથી રાઈટરની ઓફિસ બાજુ જતાં હતા, તે વખતે એક ઈસમે મેવુંભાઈને કંધા પર પકડીને ધકકો મારી દીધેલો. તેનાં સિવાય બીજું મે કાંઈ જોયેલ કે, સાંભળેલ નહિ."

સદરહુ શાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ શાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઊલટતપાસ કરવામાં આવતા સદર શાહેદે પોતાના નિવેદનની હકીકતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બચાવપક્ષ તરફે સદર શાહેદોની ઊલટતપાસ લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

"હું પોલિસ પટેલ તરીકે લોકસેવાનું કામ કરું છું. એ વાત ખરી છે કે, કોઈ બોલાવેતો પોલિસ સ્ટેશનમાં જવાનું થાય. એ વાત ખરી છે કે, પોલિસ સ્ટેશનમાં જયારે પણ હું જોઉ ત્યારે લોકો પોત પોતાની રજુઆત જોર જોરથી કરતાં હોય છે. **બનાવ કઈ તારીખે બનેલો તે મને ખ્યાલ નથી, અને બનાવમાં શું બનેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસ વાળાએ શું લખી લીધેલ તે મને ખબર નથી.**"

**(૧૧.૪)** ત્યારબાદ આંક–૧૭ થી ફરિયાદપક્ષના શાહેદ સંતોષભાઈ સજ્જનભાઈ કુળકુટીયાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે. જે જુબાની નીચે મુજબ છે.

"બનાવ ગઈ તા.૨૪.૦૬.૨૦૧૯ નાં રોજ અમો આહવા પો.સ્ટે.માં હાજર હતા તે વખતે ચીચલી આઈટ પોસ્ટના એ.એસ.આઈ. મધુભાઈ દેવાજીભાઈનાઓએ જમીન વિવાદવાળી અરજીનાં અરજદાર/સામાવાળા ગાઢ વિહીર ગામનાં માણસોને બોલાવેલ, અને અરજીની કાર્યવાહી કરતાં હતા તે વખતે જેમાંથી બે માણસો જેમાં નં. ૦૧ દેવરામભાઈ જાનુભાઈ પવાર અને નં. ૦૨ હરેશભાઈ દેવરામભાઈ પવાર, બંને રહે. ઉગા, તા.આહવા, જિ.ડાંગવાળાનાઓએ એ.એસ.આઈ મહાદુભાઈનાઓને કહેલ કે, સામાવાળા વિરૂધ્ધમાં કોઈ કાર્યવાહી કરશો નહિ, સમગ્ર જમીન ભીલ લોકોની છે, તેમ કહી ઉશ્કેરાઈ જઈ આરોપી દેવરામભાઈએ એ.એસ.આઈ. મધુભાઈનાં યુનિફોર્મનો કોલર પકડી હાથથી મારવાં લાગેલ, અને મારતાં મારતાં નોટીશ બોર્ડ પર ધકકો મારી દીધેલ, અને તેમની પાસે જે સરકારી લાઠી હોય, તે ખેંચીને આ દેવરામભાઈ તથા હરેશભાઈનાઓએ તેમને લાકડીથી માર મારેલ, અને કહેલ કે, હું કોણ છું, તને ખબર નથી, હું ડાંગનો રાજ છું, તમે પોલિસ સ્ટેશન બહાર નીકળો હું તમને મારો પરિચય આપીશ, તેમ

તેમની સાથે અસભ્ય વર્તન કરી, ફરજમાં રૂકાવટ કરેલી, અને કહેલ કે, આજે તો તમે પોલિસ સ્ટેશનમાં છો? એટલે બચી ગયેલ છે, હવે પછી પોલિસ સ્ટેશનની બહાર નીકળશો તો તમને જાણથી મારી નાખીશ તેમ ધમકી આપતાં, મારી સાથેનાં પો.કો. અશ્વિનભાઈ તથા બીજા માણસો આ બંને ઈસમોને પકડી લીધેલ, અને બંને ઈસમ વિરૂધ્ધમાં એ.એસ.આઈ. મધુભાઈનાઓએ આઈ.પી.સી. ૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ ગુનો દાખલ કરવેલ. આ બનાવ બન્યો ત્યારે હું ત્યાં હાજર હતો. તપાસ કરનાર અમલદારે આ બનાવ બાબતે મારો જવાબ લીધેલો. આરોપીઓને હું ઓળખું છું. જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે."

ત્યારબાદ બચાવપક્ષ તરફે સદર શાહેદની ઊલટતપાસ લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

"એ વાત ખરી નથી કે, હરેશભાઈ અને દેવરામભાઈનાઓએ તેમના પાસે સરકારી લાકડી હોય, તે ખેંચી લઈ મધુભાઈ દેવાજીભાઈનાઓએ બંને જણા મારવા લાગેલા.

સવાલ :- બનાવનાં દિવસે પોલિસ સ્ટેશનમાં ૩૦ થી ૪૦ માણસો હાજર હતા?

જવાબ :- પોલિસ સ્ટેશનની બહાર માણસો હતા, તે અમે ગણી શકેલ નહિ, અમો ચેમ્બરમાં ત્રણ જણા હતા. એ વાત ખરી નથી કે, રાઈટરનો ચેમ્બર એવો છે, જેમાં બારીથી બહારનું અંદર દેખાય, અને અંદરનું બહાર દેખાય.

સવાલ :- તમે એવું જણાવો છો, કે તમે જે માણસો જોયેલા, તે પી.એસ.આઈ.ની ચેમ્બરમાંથી જોયેલા?

જવાબ :- હું પાણી પીવાથી કંઈક કારણે બહાર નીકળેલ ત્યારે માણસોને બહાર જોયેલા. સાહેદ જણાવે છે કે, લોબીમાં માણસોને જોયેલા.

એ વાત ખરી નથી કે, બનાવ વખતે હું મધુભાઈ પાસે હાજર ન હતો.

સવાલ :- લોબીમાં કેટલાં માણસો હતા?

જવાબ :- અમો પોલિસ સ્ટાફનાં ત્રણ માણસો, બે આરોપી તથા બીજા ચારથી પાંચ માણસો હતા.

એ વાત ખરી નથી કે, આ લોકોનો ત્યાં અવાજ અને ઘોંઘાટ સતત ચાલું હતો. સાહેદ જણાવે છે કે, ફકત ને ફકત આરોપીઓનો જ અવાજ હતો. એ વાત ખરી છે કે, હું અને મધુભાઈ એકદમ ચુપ હતા. એ વાત ખરી નથી કે, આરોપીઓ સામે વેમનશીય રાખી તેમને લાકડી વડે અમોએ મારેલ હોય, તેમ છતાં તેમની સામે ખોટી જુબાની આપું છું. સાહેદ જણાવે છે કે, આરોપીઓનું મેડિકલ કરાવેલ છે. એ વાત ખરી નથી કે, આરોપીઓએ ફરિયાદીને કોઈ ધમકી આપેલ નથી કે, જાણથી મારવાની કોઈ ધમકી આપેલ નથી."

(૧૧.૫) ત્યારબાદ આંક–૧૮ થી ફરિયાદપક્ષના શાહેદ અશ્વિનભાઇ ધનાભાઈ બારૈયાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે. જે જુબાની નીચે મુજબ છે.

"બનાવ ગઈ તા. ૨૪.૦૬.૨૦૧૯ નાં રોજ બનેલો. તે વખતે અમો આહવા પો.સ્ટે.માં હાજર હતા, અમો ચીચલી આઉટ પોસ્ટના એ.એસ.આઈ. મધુભાઈ દેવાજીભાઈનાઓ સાથે કામ કરું છું. તે દિવસે બી પાર્ટ અરજી નં. ૪૦/૨૦૧૯ ના કામે ગાઢવી ગામનાં સામાવાળાનાઓને બોલાવેલ હતા. આ સામાવાળાને બોલાવીને અરજી બાબતે પૂછપરછ કરતાં હતા, તે સમયે દેવરામભાઈ જાનુભાઈ તથા હરેશભાઈ દેવરામભાઈ, બંને રહે. ઉગાગામવાળાનાઓ આવીને કહેવા લાગેલ કે, સામાવાળા વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરતાં નહિ, એવું કહેવા લાગેલ, અને એકદમ ઉશ્કેરાઈ જઈ મધુભાઈનાં યુનિફોર્મનો કોલર પકડી નોટીશ બોર્ડ પર ધક્કો મારી દીધેલ, અને મધુભાઈનાં હાથમાં રહેલ લાકડી ખેંચી લઈ, આ લોકોએ સપાટા મારેલા, અને કહેવા લાગેલ કે, તું પોલિસ સ્ટેશનની બહાર નીકળ હું કોણ છું, તેનો પરિચય આપીશ, હું ડાંગનો રાજ છું, તેવું જણાવેલ. તમે બહાર કયાંક મળશો તો જાણથી મારી નાખીશું તેવી ધાક ધમકી આપેલી. ત્યારપછી ત્યાં બીજા હાજર માણસો અને પોલિસનાં માણસો દોડી આવેલા, અને આ બંને ઈસમોને પકડી લીધેલા. આ ઈસમો વિરૂધ્ધ એ.એસ.આઈ. મધુભાઈનાઓએ કાયદેસરની ફરિયાદ આપેલી. આ બનાવ સમયે હું ત્યાં હાજર હતો. તપાસ કરનાર અમલદારે આ બનાવ બાબતે મારો જવાબ લીધેલો. આરોપીઓને હું ઓળખું છું. જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે."

બચાવપક્ષ તરફે સદર શાહેદની ઊલટતપાસ લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

"**એ વાત ખરી છે કે, હું મધુભાઇ દેવાજીભાઇ સાથે કામ કરું છું. એ વાત ખરી છે કે, મારું નિવેદન મધુભાઇએ લખાવેલું.**
સવાલ– આજે તમે જુબાની આપવા કોર્ટમાં આવ્યા ત્યારે સરકારી વકીલ સાહેબની ફાઇલ તમારું નિવેદન વાંચીને તમે જુબાની આપો છો?
જવાબ– એ વાત ખરી છે કે, અમે અમારું નિવેદન વાંચેલુ, શાહેદ જણાવે છે કે, અમો હકીકતથી વાકેફ છીએ, તે જ જણાવેલ છે.
સવાલ– તમે તમારા નિવેદનમાં મધુભાઈનો યુનિફોર્મનો કોલર પકડી, નોટીશ બોર્ડ પર ધકકો મારી દીધેલો, અને તેમના હાથમાં રહેલ લાકડી ખેંચી લઈ સપાટા મારેલ, તેવું લખાવેલ નથી?
જવાબ :– એ વાત ખરી નથી કે, મે મારા પોલિસ રૂબરૂનાં નિવેદનમાં એવું લખાવેલ નથી કે, મધુભાઈનો યુનિફોર્મનો કોલર

પકડી, નોટીશ બોર્ડ પર ધક્કો મારી દીધેલો, અને તેમનાં હાથમાં રહેલ લાકડી ખેંચી લઈ સપાટા મારેલ.

એ વાત ખરી નથી કે, આરોપીઓ સામે વેમનશીય રાખી તેમને લાકડી વડે અમોએ મારેલ હોય, તેમ છતાં તેમની સામે ખોટી જુબાની આપું છું. સાહેદ જણાવે છે કે, આરોપીઓનું મેડિકલ કરાવેલ છે. એ વાત ખરી નથી કે, તમો બહાર નીકળશોતો તમને જોઈ લઈશ તેવી ધમકી પણ આપેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓએ ફરિયાદીને કોઈ ધમકી આપેલ નથી કે, જાણથી મારવાની કોઈ ધમકી આપેલ નથી."

**(૧૧.૬)** ત્યારબાદ આંક–૨૧ થી આ કામના ત.ક.અમલદારની જુબાની નોંધવામાં આવેલ છે. જે જુબાની નીચે મુજબ છે.

"ગઈ તા.૨૪.૦૬.૨૦૧૯ નાં રોજ ફરિયાદી મધુભાઈ દેવાજીભાઈ, આહવા પો.સ્ટે. ખાતે હાજર હતા તે વખતે અરજી નં.૪૦/૨૦૧૯ નાં કામે આરોપી વિરૂધ્ધમાં અટકાયતી પગલા માટેની કામગીરી કરતાં હતા, તે વખતે ઉગા ગામ, તા.સુબીર, જિ.ડાંગનાં દેવરામભાઈ જાનુભાઈ પવાર, અને હરેશભાઈ દેવરામભાઈ પવાર બંને રહે.ઉગાગામ, આ બંને ઈસમોએ મધુભાઈને આ જમીન ભીલ લોકોની છે, તેમ કહીને યુનિફોમનાં શર્ટનો કોલર પકડીને તેમને બે–ચાર સપાટા મારી દીધેલા, અને નોટીશ બોર્ડ પર ધક્કો મારેલ. જેથી પો.સ્ટે. હાજર અ.હે.કો. સંતોષભાઈ સજજનભાઈ, તથા પો.કો. અશ્વિનભાઈ ધનાભાઈ, તથા પો.સ્ટે. હાજર પો.સ.ઈ.શ્રી. એસ.એસ.ઉરચા સાહેબનાઓએ સદર બંને ઈસમોને પકડેલ, અને આ મધુભાઈની ફરિયાદ લીધેલ. સદર ફરિયાદ તેમજ આરોપીની અટક, પંચનામાની તપાસ એસ.એસ.ડેરિયા સાહેબનાઓએ કરેલ, તથા લાગતા વળગતાં શાહેદોનાં નિવેદનો લીધેલા. ત્યારબાદ તા.૨૩.૦૭.૨૦૧૯ના રોજ બદલી થઈ જતાં, અમો આહવા પો.સ્ટે. થાણા ઈન્ચાર્જ તરીકે મુકાતાં સદર કામની આગળની તપાસ અમોને સોંપવામાં આવેલ. સદર કામે મારી અગાઉનાં ત.ક.અમલદારે કરેલ તપાસ, અને કાગળોનો અભ્યાસ કરતાં આરોપી વિરૂધ્ધ પુરતાં પુરાવા પડતાં હોય, તા.૧૮.૦૮.૨૦૧૯ નાં રોજ મુદતની અંદર નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ."

બચાવપક્ષ તરફે સદર શાહેદની ઊલટતપાસ લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

"**એ વાત ખરી છે કે, આ કામની તપાસ, શાહેદોના નિવેદનો, પંચનામા, તથા ફરિયાદની તમામ કાર્યવાહી ડૈરયા સાહેબનાઓએ કરેલી.** એ વાત ખરી નથી કે, આરોપી વિરુદ્ધ કોઇ પૂરતો પુરાવો ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરી આજરોજ સોગંદ

પર ખોટી જુબાની આપું છું."

(૧૨) આ કામે ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનું તહોમત લગાડવામાં આવેલ હતું.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ નીચે મુજબ છે.**

> **Section 186 IPC** prescribes punishment for causing obstruction to any public person in discharge of his public functions and the punishment prescribed is imprisonment up to three months or fine which may extend to Rs.500/- or both.

આ કલમના તત્ત્વો નીચે મુજબના છે.

૧. જાહેરનોકર તેનું જાહેરકાર્ય બજાવતો હોય,

૨. તેવા જાહેર નોકરને આરોપીઓ અવરોધ કર્યો,

૩. આવો અવરોધ સ્વેચ્છાપૂર્વકનો હતો.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨ નીચે મુજબ છે.**

> **Section 332 IPC:** Whoever voluntarily causes hurt to any person being a public servant in the discharge of his duty as such public servant, or with intent to prevent or deter that person or any other public servant from discharging his duty as such public servant, or in consequence of anything done or attempted to be done by that person in the lawful discharge of his duty as such public servant, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

આ કલમના તત્ત્વો નીચે મુજબના છે.

૧. આરોપીઓએ જાહેર નોકરને વ્યથા પહોંચાડી,

૨. આવી વ્યથા જાહેર નોકરને સ્વેચ્છાપૂર્વક પહોંચાડવામાં આવી,

૩. આ વ્યથા જાહેર નોકર જયારે તેની અધિકૃત ફરજ એ હેસિયતમાં બજાવતો હતો, ત્યારે અથવા તે પોતાની ફરજ બજાવતા અટકે, અથવા રોકાઇ જાય તેવા ઈરાદાથી અથવા તે જાહેર નોકરે તેની એવી હેસિયતમાં કાનૂની ફરજ બજાવતા કોઇ

કૃત્ય કરેલ હોય, કે કરવાની કોશિશ કરી હોય, તેના કારણે સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવામાં આવી હોય.

આ કલમના પહેલા તત્વમાં જાહેર નોકરને સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાનું મહત્ત્વનું હોય, જેથી સૌપ્રથમ વ્યથાની પરીભાષા જે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૯ માં આપવામાં આવે છે, તેને વંચાણે લેતા નીચે મુજબની છે.

> Section 319 of IPC. Hurt means whoever causes bodily pain, disease or infirmity to any person, is a hurt.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ નીચે મુજબ છે.**

> Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

આ કલમના તત્ત્વો નીચે મુજબના છે.

૧. આરોપીઓએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ,

૨. તેમ કરીને આરોપીઓએ તે વ્યકિતને ઉશ્કેરવા માંગતા હતા,

૩. આરોપીઓ જાણતા હતા કે, તેમ થવાથી તે વ્યકિત જાહેર સેલેહ શાંતીનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) નીચે મુજબ છે.**

૧. આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હિત ધરાવતી હોય, તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકીને ફરિયાદીને ભયભિત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂન બધ્ધ ના હોય, તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય, તેવું કૃત્ય ન કરે, તેવા

ઈરાદાથી આપવામાં આવતી હતી અથવા આવી ધમકી મૃત્યું નિપજાવવાની કે મહા વ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે, આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

(૧૩) આ કામે ઉપર મુજબ પડેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરીને અને ઉપર જણાવેલી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૩૧૯, ૫૦૪, ૫૦૬(૨) ના તત્ત્વો પુરવાર થાય છે તેવા નિષ્કર્ષ પર વિદ્વાન ટ્રાયલ કોર્ટ પહોંચેલ છે. એ પહોંચવાના કારણોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે એવું નોંધેલ છે કે, તમામ શાહેદોના પુરાવા પરથી એ હકીકત સાબિત થઈ ગયેલ છે કે, આ કામના આરોપીઓએ પોલીસ સ્ટેશનમાં આ કામના ફરિયાદીને તેની ફરજ ઉપર ફરજ બજાવવામાં દખલ, અંતરાય કરીને લાકડીથી માર મારેલ છે તેમજ જાનથી મારી નાખવાની ધમકી અને અપશબ્દો પણ બોલેલ છે.

(૧૪) આ હુકમની સામે આરોપીઓના વિદ્વાન વકીલશ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે પુરાવાઓનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરેલ નથી. નજરે જોનાર શાહેદ હોસ્ટાઈલ થયેલ છે. વધુમાં તેમણે તેમની ઊલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેમનું નિવેદન પોલીસે જાતે લખેલ છે, તેમની ફક્ત સહી લીધેલ છે. જેથી તેમના નિવેદનમાં શું લખેલ છે તેની આ શાહેદને જાણ નથી. આરોપીઓના વિદ્વાન વકીલશ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે આ જજમેન્ટ લખાવતી વખતે શાહેદોની ઊલટ તપાસની સદંતર ધ્યાને જ લીધું નથી. શાહેદોની સરતપાસ જ જેટલું જ મહત્ત્વ શાહેદોની ઊલટ તપાસ પણ ધરાવે છે. પરંતુ જજમેન્ટ પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે ઊલટ તપાસને ધ્યાને જ લીધેલ નથી. જેનાથી તે હુકમ ભૂલભરેલો સાબિત થાય છે. વધુમાં તેમણે દલીલ કરેલ છે કે, આ કામે વિદ્વાન ટ્રાયલ કોર્ટ સામે પડેલ પુરાવા પરથી આ કામના

ફરિયાદી કયું સરકારી કામ કરવામાં વ્યસ્ત હતા તે અંગે કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. વધુમાં આરોપીઓ ઉપર એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે, તેઓએ ફરિયાદીને લાકડીથી માર મારેલ છે પરંતુ આવી કોઇ લાકડી આ કામે મુદ્દામાલ તરીકે કબજે લેવામાં આવેલ નથી. વધુમાં એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના ફરિયાદીને જો ઈજા થઇ હોય તો ફરિયાદીએ કોઇ મેડિકલ તપાસ કરાવેલ નથી. આમ, જ્યારે ઈજા પામનાર શાહેદની ઈજાને મેડિકલ એવીડન્સથી સમર્થન મળતું ન હોય ત્યારે ફરિયાદીનો કેસ શંકાને પાત્ર બની જાય છે. આ કામે વધુમાં દલીલ કરેલ છે કે, આ કામના ત.ક.અમલદારે પણ પોતાની જુબાનીમાં આરોપીઓ સામે એવો તે કયો પુરાવો મેળવેલ છે તેની કોઇ ચોખવટ કરેલ નથી. જેથી વિદ્ધાન ટ્રાયલ કોર્ટનો હુકમ ભૂલભરેલો હોય તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂર છે.

(૧૫) કેસનું રેકર્ડ ધ્યાને લીધું તથા પુરાવો ધ્યાનપૂર્વક વંચાણે લીધો. આ તમામ રેકર્ડ તથા આરોપીના વિ. વકીલશ્રીની દલીલો સાથે વાંચીએ તો, એક વાત સ્પષ્ટપણે જણાઇ આવે છે કે, જો આરોપીઓએ ફરિયાદીને લાકડીથી માર મારેલ હોય તો ત.ક.અમલદારે આ લાકડી પંચો રૂબરૂ કબજે લેવી જોઇતી હતી, પરંતુ આવી કોઇ લાકડી આ કામે ઉપલબ્ધ હોય તથા વિદ્ધાન ટ્રાયલ કોર્ટે આ અંગે કોઇ સંજ્ઞાન લીધું હોય તેવું જણાઇ આવતું નથી. વધુમાં, આરોપીઓના વિદ્ધાન વકીલશ્રીની દલીલો સાથે સ્પષ્ટપણે સહમત થાવ છું કે, ટ્રાયલ કોર્ટે સાક્ષીઓના પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં ગંભીર ભૂલ કરેલ છે. આંક–૧૪,૧૫ અને ૧૬ શાહેદો હોસ્ટાઇલ થઇ ગયેલ છે. વધુમાં આંક–૧૪,૧૫ અને ૧૬ વાળા તમામ શાહેદોએ પોતાની ઊલટ તપાસમાં સ્પષ્ટપણે કબૂલ કરેલ છે કે, પોલીસે તૈયાર નિવેદનમાં તેમની સહી લીધેલ છે. આમ, સાક્ષીઓની ઊલટ તપાસમાં આવી કબૂલાત તેમના પુરાવાને ગ્રાહ્ય રાખવા પાત્ર બનાવતી નથી. તેમ છતાં ટ્રાયલ કોર્ટે

આ શાહેદોની જુબાનીને આધારે હાલના આરોપીઓને સજા ફટકારતો હુકમ કરેલ છે. જ્યારે ફરિયાદપક્ષ તરફે મુદ્દામાલ કબજે લેવામાં આવેલ નથી, જે લાકડી પોલીસ સ્ટેશનમાં જ ઉપલબ્ધ હોવા છતાં તેને આ ગુનાના કામે કબજે લેવામાં આવેલ નથી કે તેનું પૃથક્કરણ કરવામાં આવેલ નથી. જેથી આરોપીઓએ કોઇ લાકડીનો ઉપયોગ કર્યો હોય તેવી હકીકત શંકાથી પર પુરવાર થતી નથી. વધુમાં પોલીસ સ્ટેશનની બહાર ઘણા બધા લોકો હતા એ વાત ફરિયાદીએ જ કબૂલ કરેલ છે તેમ છતાં પણ કોઈ સ્વતંત્ર શાહેદની જુબાની લેવામાં આવેલ નથી. પંચોએ પણ ગુનાવાળી જગ્યાનું જે પંચનામું કરેલ છે તેમાં લાકડી પડી હોય કે માર મારીના દ્રશ્ય હોય કે ચીજો વેર-વિખેર પડી હોય તેવી કોઇ નોંધ કરેલ નથી. આમ, ગુનાવાળી જગ્યાનુંપંચનામું તથા શાહેદોની જુબાની સાથે વાંચીએ તો, આ કામના આરોપીઓએ હાલના ફરિયાદીને કોઇ સરકારી કામ કરવામાં રૂકાવટી, અંતરાય, અડચણ કરેલ હોય તેવું સાબિત થતું નથી તેમજ આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય, અપશબ્દો બોલી સુલેહ શાંતિ ભંગ થાય તેવી રીતે ફરિયાદીને ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો હોય તેવી હકીકત પણ ફરિયાદપક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોવા છતાં ટ્રાયલ કોર્ટે આ હકીકત માનેલ છે. વધુમાં, આ કામે ફરિયાદીએ કોઇ મેડિકલ ચેકઅપ કરાવેલ નથી. જેથી ફરિયાદીને કોઇ ઇજા થયેલાની હકીકતને પણ સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળતું નથી. જેથી પણ આ સજાના હુકમમાં હસ્તક્ષેપ કરવું ન્યાયોચિત જણાય છે. ટ્રાયલ કોર્ટે ઉપર ચર્ચા કરેલ તમામ હકીકતોની અવગણીને મનસ્વી રીતે આ કામે આરોપીઓને સજા ફટકારતો હુકમ પસાર કરેલ છે, જેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે. આમ, મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.૨ નો જવાબ નીચે આખરી હુકમ કરીને આપું છું.

## –:: આખરી હુકમ ::–

(૧) હાલની અપીલ "**મંજૂર**" કરવામાં આવે છે.

(૨) વિદ્વાન આહવાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસનાઓએ ફોજદારી કેસ નં.૦૧/૨૦૨૧ ના કામે તા.૨૯/૦૯/૨૦૨૨ના રોજ કરેલ આંક–૨૨ વાળો હુકમ "**સેટ–અસાઇડ યાને રદ**" કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓ **(૧) દેવરામભાઇ જાનુભાઇ પવાર,** ઉં.આ.વ.૬૫, ધંધો–સામાજિક કાર્યકર્તા, તથા **(૨) હરેશભાઇ દેવરામભાઇ પવાર,** ઉં.આ.વ.૩૫, ધંધો–ખેતી, બંને રહે. ઉગા, તા.સુબીર, જિ.ડાંગવાળાઓને સદરહુ ગુનાના કામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના વિ. ટ્રાયલ કોર્ટના હુકમ અન્વયે આરોપીએ જો કોઇ દંડની રકમ ભરેલ હોય તો તે અપીલ સમય પૂરો થયેથી પરત કરવા હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપીઓના જામીનખત રદ કરવા.

(૬) આ કામના પ્રત્યેક આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ પીરીયડ સુધીના રૂ.૧૫,૦૦૦/– ના જામીન તથા સદ્ધર જામીન આપવા.

(૭) રેકર્ડ સત્વરે વિદ્વાન ટ્રાયલ કોર્ટને પરત મોકલવું.

ચુકાદો આજરોજ તા.૧૦મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

મુ.આહવા.<br>
તા.૧૦–૦૮–૨૦૨૬.

સહી/–<br>
**(એસ.એસ.કાળે)**<br>
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,<br>
નવસારી, મુ.આહવા.<br>
**(જજ કોડ નં.જીજે૦૦૭૫૩)**